હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ... કોંગ્રેચ્યુલેશન... તમે જન્મદિવસે જેને વધાઈ આપી છે... એ તમારા જન્મ દિવસે વધાઈ આપવા નહી આવે તો... એ અસહિષ્ણુના લીસ્ટમાં આપો આપ આવી જશે...!!

સચિવાલયમાં ટેક્ષી ગાડીઓ બંધાવી આપવાના બહાને છેતરપીંડી

સેકટર-૨૯ના શખ્સે ત્રણ વ્યકિતને ચુનો લગાવ્યો હોવાની ફરિયાદ : રૂ. ૬.૨૫ લાખથી વધુનું ચીટીંગ

ગાંધીનગર, તા.૨૬

સચિવાલયમાં મારા સસરા છે. ટેક્ષી ગાડી પ્રતિ માસ રૂ. ૨૩ હજારના ભાવે બંધાવી આપીશ. તેમ કહીને સેકટર-૨૯ના શખ્સે કેટલાક વ્યકિતઓને ચુનો લગાડી લાખોની છેતરપીંડી આચરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. છેતરાયેલા ત્રણ વ્યકિતઓના નામ બહાર આવ્યા છે. તેમની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. રૂ. ૬.૨૫ લાખથી વધુ રકમની છેતરપીંડી આચરી હોવાનું પ્રાથમિક તબક્કે ધ્યાન આવ્યુ છે.

સેકટર-૨૨ આનંદવાટીકા વિસ્તારમાં રહેતા રસીકભાઈ કરશનભાઈ કોદવલાએ સેકટર-૨૧ પોલીસ મથકમાં છેતરપીંડી અંગે ફરીયાદ નોંધાવી છે. જેમાં છ માસથી સે-૨૯માં રહેતા ચેતન ચંદ્રકાન્ત ગાધે નામના શખ્સે તેમની સાથે ઉપરાંત અમદાવાદના બે વ્યકિતઓ રમેશભાઈ સગર અને લલીતભાઈ મારૂ મળી ત્રણ વ્યકિતઓ સાથે સચિવાલયમાં ભાડે ગાડી બાંધી આપવાના બહાને છેતરપીંડી આચરી હોવાનો ઉલ્લેખ છે. મારા સસરા સચિવાલયમાં છે. મહિને રૂ. ૨૩ હજાર ગાડી દીઠ મળશે. અને દર મહિને તારીખ ૧ થી ૭ની વચ્ચે રૂપિયા જમા થઈ જશે તેવી લાલચ આપીને ચેતન ગાધે નામના શખ્સે ત્રણેય સાથે ચુનો લગાવ્યો અને ગાડી પણ હજુ સુધી પરત આપી ન હોવાનો અને રૂ. ૬.૨૫ લાખની ચીટીંગ કરી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. સે-૨૧ પીએસઆઈ સી.બી. ચૌહાણે ગુનો નોંધીને ઉંડી તપાસ આરંભી છે.

ચિલોડા સર્કલથી દારૂ-બિયર ભરેલી બોલેરો જીપ પકડાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસે ચિલોડા પોલીસ બપોરના અરસામાં વાહન ચેકીંગમાં હતી ત્યારે ત્યાંથી પસાર થતી એક બોલેરો જીપમાંથી દારૂ-બિયરનો જથ્થો ચેકીંગ દરમિયાન મળી આવ્યો છે. રૂ. ૭૯,૨૦૦ની કિંમતના દારૂ-બિયર સહિત રૂ. ૩.૭૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચિલોડા પોલીસે ડુંગરપુરના એક શખ્સની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

પી.આઈ. વનરાજસિંહની સુચનાથી તેમની ટીમ આજે સવારથી ચિલોડા સર્કલ પર સઘન વાહન ચેકીંગ કરી રહી હતી તે દરમિયાન એક

બોલેરો જીપનું ચેકીંગ કરતા તેમાંથી પોલીસને દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૧૪૪ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૨૪૦ નંગ બિયરના ટીન મળી રૂ. ૭૯,૨૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો તથા રૂ. ૩ લાખની બોલેરો જીપ મળી કુલ રૂ. ૩,૭૯,૨૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી નાંખ્યો છે. બોલેરો જીપમાં વિદેશી દારૂ-બિયરની હેરાફેરી કરતા પકડાયેલા ડ્રાઈવર બચુ નાથુ ગામેતી (રહે. ડુંગરપુર, રાજસ્થાન)ની ધરપકડ કરી કયાંથી માલ લાવ્યો હતો અને કયાં લઈ જવાનો હતો તે સહિત કોનો માલ હતો તે સહિતની ઊંડી પુછપરછ શરુ કરવામાં આવી છે.

પ્રાંતિયા પાસે રસ્તો ઓળંગતા પ્રૌઢને છોટા હાથીની ટકકર

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક પ્રાંતિયા ગામના ૫૦ વર્ષીય પ્રૌઢ ધુળાજી ગાંડાજી ઠાકોર ગઈ સાંજે ખેતરે પાણી વાળીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે પ્રાંતિયા હાઈવે રોડ ક્રોસ કરતાં એક બેફામ ગતિએ આવતા છોટા હાથી વાહન નં. જીજે. ૧ ડી.વી. ૩૮૯૯ના ચાલકે પ્રૌઢને અડફેટે લઈ લીધા હતાં. પ્રૌઢ ધુળાજીના બંને પગેથી ટાયર ફરી વળતા બંને પગે ફ્રેકચર થઈ ગયું છે.

ધુળાજીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ડભોડા પોલીસે છોટા હાથીના ચાલક સામે ગુનો દાખલ કરીને એએસઆઈ વનરાજસિંહે આરોપીને પકડી પાડવા તજવીજ શરુ કરી છે.

હ્યુમન બીઈંગ સંસ્થા દ્વારા તારીખ ૨૭ ડિસેમ્બરને અભિનેતા સલમાન ખાનનાં જન્મદિનની ઊજવણીનાં ભાગરુપે નિશાંત પરમાર અને આકાશ ચૌહાણ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાળકોના વિભાગમાં બિસ્કીટ તેમજ ઝૂંપડપટ્ટીમાં ગરમ કપડાં અને બિસ્કીટનું વિતરણ શનિવારે કરવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદોને સાથે સલમાનખાને જન્મદિન ઉજવવાની પોતાના 'ફેન'ને સંદેશો મોકલ્યે છે જેનાં ભાગરુપે આ બંને યુવકોએ સેવાકાર્ય કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

આઈ.ટી. એક્સ્પોમાં રીચા ઈન્ફોસીસ્ટમે મુલાકાતીઓને પ્રભાવિત કર્યા

ગાંધીનગર કોમ્પ્યુટર એસોશિએશન દ્વારા આયોજિત સ્માર્ટ આઈ.ટી. એક્સ્પોમાં સેકટર-૧૧ સ્થિર રીચા ઈન્ફોસીસ્ટમ પ્રા. લિ.એ ભાગ લીધો છે. હાલના સમયમાં શિક્ષણ પ્રણાલીને અનુરુપ વિદ્યાર્થીઓને સરળતાથી શિક્ષણ મળી રહે તે માટે વિદ્યાર્થીઓને ટેકનોલોજીથી માહિતગાર કરવામાં આવી રહ્યા છે. રીચા ઈન્ફોસિસ્ટમ પ્રા.લિ. ના દિનેશ એફ. શાહના જણાવ્યા મુજબ આઈ.ટી. એક્સ્પોમાં વિદ્યાર્થીઓને ટેકનોલોજીથી અપગ્રેટ કરવા રીચા ઈન્ફોસિસ્ટમ પ્રા.લી. દ્વારા વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ પ્રણાલીને અનુરુપ વિદ્યાર્થીઓને સરળતાથી શિક્ષણ મળે તે માટે કંપનીના મેનેજર ડિરેકટર તુષાર શાહ તેમજ ગ્લોબલ ઈન્ફો કોમ લિમિટેડ દિલ્હીના ડાયરેકટર આશિષ ધામ દ્વારા આ એક્સ્પોની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં આઈ.ટી. એક્સ્પોમાં મુલાકાતીઓને માહિતગાર કરવા લેકચર માટે સ્માર્ટ ડિઝીટલ પોડિયમ, ઈન્ટર એક્ટિવ બોર્ડ તથા ૮૦ ઈંચનું લાઝ ફોરમેટ ડિસ્પ્લે રાખવામાં આવ્યું છે. બે દિવસ દરમિયાન રીચા ઇન્ફોસિસ્ટમના આ સ્ટોલની ૨૦ હજારથી વધુ નાગરિકોએ મુલાકાત લીધી છે. ગાંધીનગરના મેયર પણ આ સ્ટોલની મુલાકાત લઈ પ્રભાવિત થયા હતા.

કોંગ્રેસ સ્થાપના દિન તથા સેવાદળ સ્થાપના દિનની ૨૮મીએ ઉજવણી

ગાંધીનગર, તા.૨૬

કોંગ્રેસ સ્થાપના દિન તથા કોંગ્રેસ સેવાદળ સ્થાપના દિનની ઉજવણી આગામી તા. ૨૮મી ડિસેમ્બરના રોજ સવારે ૯.૩૦ કલાકે રાજીવ ગાંધી ભવન, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, અમદાવાદ ખાતે કરવામાં આવશે.

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરમાં આજે રાજકીય મેળાવડાઓનો માહોલ છવાયેલો હતો. મેયરના બંગલે ભાજપના આગેવાનો કથા અને યજ્ઞને લઈ ભેગા થયા હતા તો કોંગ્રેસના આગેવાનો સ્નેહમિલનને લઈ એસ.ટી.સી.માં એકત્ર થયા હતા.

● આજે કોંગ્રેસના સ્નેહમિલન સમારોહમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા ગેરહાજર રહેતાં કાર્યકરોમાં થોડીક નિરાશા જોવા મળી હતી.

● વરદાયિની માતા રૂપાલના મંદિરના જીણોદ્ધારની કામગીરીનો આરંભ થઈ ગયો છે. ત્રણ વર્ષ સુધી આ કામગીરી ચાલશે.

● ગાંધીનગર સે-૨ સ્વામિનારાયણ મંદિરના પૂર્વમહંત અને સર્વજીવ હિતાવહ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ચેરીટેબલ ટ્રસ્ટ કણભાના આદ્ય સ્થાપક પ.પૂ. સં.ગુ. ધ્યાની સ્વામી હરિસ્વરુપદાસજી ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી આજે કણભા ખાતે અક્ષર નિવાસી થયાના સમાચારથી ભક્તસમુદાયમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

● ગાંધીનગર શહેરમાં ઉંધઈએ માથુ ઉચકતાં નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● ગાંધીનગરમાં હવે ધીમે ધીમે મકરસંક્રાતિની ઉજવણીના આયોજનમાં પરીક્ષાનો માહોલ પૂર્ણ થતાં જ યુવાનો જોતરાઈ રહ્યા છે.

૬ મહાપાલિકાના વિપક્ષના નેતાની પસંદગી પ્રક્રિયા પૂર્ણ

ગાંધીનગર, તા.૨૬

રાજયની ૬ મહાનગર પાલિકાના વિપક્ષના નેતાની પસંદગી પ્રક્રિયા આજે કોંગ્રેસ દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે. આજે સાંજે અથવા આવતીકાલે નામો જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયની ૬ મહાનગર પાલિકાના વિપક્ષના નેતાની પસંદગી પ્રક્રિયા પ્રદેશ કોંગ્રેસ નેતાગીરી દ્વારા હાથ ધરવામાં આવી હતી. જેમાં ગઈ કાલે ત્રણ મહાનગરપાલિકાના વિપક્ષના નેતાની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ આજે બાકીની ત્રણ મહાપાલિકાના વિપક્ષના નેતાના નામોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. અમદાવાદ મહાપાલિકાના વિપક્ષના નેતા પદ માટે સુરેન્દ્ર બક્ષી, બદરૂદ્દીન શેખ સહીત અન્ય બે સભ્યોના નામો ચર્ચામાં હતા. જો કે આ વખતે સુરેન્દ્ર બક્ષીના નામ ઉપર પસંદગી ઉતારવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા તાજેતરમાં શિવાલય ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ ખાતે સ્કાઉટ ગાઈડ જિલ્લા રેલી યોજાઈ હતી. જેમાં જિલ્લાની ૪૫ શાળાઓના ૪૫૩થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈ રેલી યોજી હતી. આ રેલીમાં ૬૦ શિક્ષકો પણ જોડાયા હતા. રેલી દરમિયાન કેમ્પ ફાયર, છાવણી નિરીક્ષણ, અવલોકન સહિતની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં માધ્યમિક ગાઈડમાં શ્રીમતી આર.જી. પટેલ શાળા, માધ્યમિક સ્કાઉટમાં બી.જે. શાહ હાઈસ્કૂલ સાદરા, પ્રાથમિક ગાઈડમાં મંગલમંદિર સંસ્કાર તીર્થ આજોલ તેમજ પ્રાથમિક સ્કાઉટમાં પદુસ્મા અભિનવ પ્રાથમિક તેમજ પ્રાથમિક શાળાઓને જિલ્લાની ચેમ્પિયનશીપ પ્રાપ્ત થઈ હતી.

સ્કાઉટીંગ પ્રવૃત્તિઓ હેતુ બાળકોમાં ચારિત્ર્ય ઘડતર કરીને તેની કળા, કૌશલ્ય, આરોગ્ય અને સમાજસેવાના ઘડતરના કામો શીખવી બાળકોમાં માતૃભૂમિ અને માનવજાત પ્રત્યે નિઃસ્વાર્થ સેવાભાવના તેમજ ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા કેળવવાનું શિક્ષણ આપી તેમને સારા નાગરિક બનાવવાનો છે.

આ રેલી દરમિયાન ભૂપેન્દ્રિસંહ ચુડાસમા, હંસાબેન મોદી, આશિષભાઈ દવે, શંકરસિંહ વાઘેલા, કાર્તિકભાઈ પટેલ, સવિતાબેન સહિતા મહાનુભાવોએ હાજરી આપી બાળકોને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. સમગ્ર રેલીનું આયોજન જિલ્લા ચીફ કમિશનર રતિલાલ જોષી, ઉપપ્રમુખ યુવરાજસિંહ વાઘેલા તથા જિલ્લાના અન્ય હોદ્દેદારોએ કર્યું હતું.

ભાજપ પ્રદેશ કાર્યાલય ખાતે ૨૮મીએ પ્રદેશ બેઠક યોજાશે

ભાજપાની પ્રદેશ બેઠક આગામી તા. ૨૮મી ડિસમ્બરે પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્મા અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી પરસોત્તમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં યોજાશે.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજાનારી આ પ્રદેશ બેઠકમાં રાષ્ટ્રીય અને પ્રદેશ પક્ષના પદાધિકારીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખશ્રીઓ, સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પ્રદેશ નિરીક્ષકશ્રીઓ, જિલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, જિલ્લા/મહાનગરના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, રાજયસભા-લોકસભાના સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, બોર્ડ નિગમના ચેરમેન-વાઈસ ચેરમેનશ્રીઓ, મેયરશ્રી, ભાજપા શાસિત જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહેશે. સાંજે યોજાનારી આ બેઠકમાં સંગઠનાત્મક બાબતો ઉપરાંત પક્ષના આગામી કાર્યક્રમોની ચર્ચા વિચારણા હાથ ધરાશે.

શ્રી જાડેજાએ જણાવ્યું કે પ્રદેશ બેઠક અગાઉ બપોરે રાષ્ટ્રીય અને પ્રદેશના આગેવાનોની ઉપસ્થિતિમાં પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખશ્રીઓ અને જિલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓની સંયુકત બેઠક યોજાશે.

ચિલોડા હાઈસ્કૂલ ખાતે કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપમાં. ઉ. માધ્યમિક શાળા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા કાનૂની શિબિરનું આયોજન કર્યું હતું. જેમાં પી.એલ.વી. નટુભાઈ પટેલે સૌપ્રથમ પ્રસ્તાવના રુપે પ્રાસંગિક કર્યું હતું. ત્યારબાદ પેરાલીંગલ વૉલન્ટરો જિગિષાબેન ઉપાધ્યાય, રાજુભાઈ ગજ્જર, સુધીરભાઈ દેસાઈ, સીતારામભાઈ પટેલ, વિમલાબેન અયાચી વગેરે તજજ્ઞોએ એચ.આઈ.વી/એઈડ્સ, આપણું બંધારણ અને કલમો, જિલ્લા કાનૂની સત્તા સેવા મંડળની પ્રવૃત્તિ, કાયદાકીય માર્ગદર્શન વગેરે વકતવ્યો રજૂ કરી સમજણ પુરી પાડી હતી. (તસવીર : નટુભાઈ પટેલ)